

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બે વર્ષે થયું નવ સંસ્કરણ પ્યારું ઘર મારું !*
*સુખ-શાંતિનું ધામ 'પરમ' આ પ્યારું ઘર મારું,*
*પુણ્ય-પવિત્ર, ધર્મનું મંદિર ન્યારું ઘર મારું -*
*નિરાંત અને 'હાશ' નો વિસામો વ્હાલું ઘર મારું...*
*('રામચરિત' ૧૫૧/૧ સેકટર-૧બીમાં પુનરાગમન)*

**હાઈકુ**

*નિવાસ સ્થાન,*
*સ્વચ્છતા પાવિત્ર્યથી -*
*બને છે સ્વર્ગ...*

*સંપ - સૂલેહ,*
*ત્યાગ - સ્મર્પણથી*
*ઘર છે સ્વર્ગ*

### ચિંતન

**અહંકારગ્રહાન્મુક્ત: શ્વરુપમુપધતે ।**
**ચંદ્રવદ્વિમલ: પૂર્ણ સદાનંદ સ્વયં પ્રભ: ॥**

ઉપરોક્ત શ્લોક સર્વવેદાનંત - સિદ્ધાંત - સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

અહંકારરૂપી ગ્રહ (રાહુથી) મુક્ત બનેલો આત્મા, ચંદ્રની જેમ સ્વચ્છ, પૂર્ણ, સદા આનંદરૂપ અને સ્વયં પ્રકાશ એવા પોતાના રૂપને પ્રાપ્ત થાય છે.

મદ-અહંકાર - અભિમાન એ એક પ્રકારનું કાળું વાદળ છે જે પૂર્ણ જ્ઞાન રૂપી આત્મા (ચંદ્ર)ને ઢાંકી દે છે જેથી ચંદ્ર હોય છતાં દેખાતો નથી કે ઝાંખો પડે છે. જાણે તેને રાહુ ગ્રહે ગ્રહી ન લીધો હોય !

... પણ ચંદ્ર જયારે આ અભિયાન રૂપી રાહુથી મુક્ત થાય ત્યારે પૂર્ણ પ્રકાશિત સ્વયંભૂ સ્વતંત્ર - સ્વચ્છ બને છે.

### સુવિચાર

- પ્રેમ વગરની દયા એ ઘણીવાર તિરસ્કારનું પાતળું સ્વરુપ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- થકે કેવું સારું અગર મનને હોત પત્ર તો... કદી તો થાકીને ભટકી ભટકી જાત અટકી - **બોધિવૃક્ષ**
- છેતરાતા હતા ત્યાં સુધી ફેવરીટ લિસ્ટમાં હતા, જેવા છેતરાવવાની ના પાડી, બ્લેકલિસ્ટમાં આવી ગયા - **વનરાજ માલવી**
- ધાર્યું પરિણામ મળે ત્યાં જે જે થાય એ 'આનંદ' અને કશું અણધાર્યું પ્રાપ્ત થાય એનું નામ 'ખુશી' - **ઈશિતા**
- એક વાત હંમેશા યાદ રાખો... ડાહ્યો માણસ જેટલું દુશ્મન પાસેથી શીખી શકે છે એટલું ય મૂર્ખ મિત્ર પાસેથી નથી શીખી શકતો - **ભોલાભાઈ ગોલીબાર**
- સરદાર પટેલ એક એવા વ્યક્તિ હતા, જેમનો મોટામાં મોટો સદ્ગુણ હતો : 'વાસ્તવિક' (Realism) - **લોર્ડ માઉન્ટબેટન**
- આજનું ઔષધ : વાઢિયાના ચીરામાં નવશેકું તેલમાં સિંધાલૂણ અને મીણ ઉમેરી ભરવાથી તરત રૂઝ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માનવતા હોય, પ્રેમ અને આદર હોય ત્યાં થોડી અવ્યવસ્થા કે ગરબડ ચલાવી લેવી જોઈએ. જો બધું પરફેક્ટ બનાવવા જઈએ તો જગત કબ્રસ્તાન બની જાય. એક પિતા તેની પુત્રીને નાના મોટા કામમાં નિપુણ અને ખુમારીવાળી બને તે માટે તેને કામની સામે ઈનામ આપતા અને પ્રોત્સાહિત કરતા બાર વર્ષની પુત્રી પણ ચેલેન્જ ઉપાડી અને ગૌરવ અનુભવતી. એક દિવસ પિતાએ કહ્યું, 'આપણા બંગ્લામાં ઘાસ વધી ગયું છે. જો તું રવિવારે બે કલાક મહેનત કરે તો ઘાસ કાપી દેવાય અને તને દસ ડૉલર પણ મળશે.' દીકરી બગીચામાં ગઈ અને પરિશ્રમ કરી ઘાસ કાપી નાખ્યું. ફક્ત એક ખૂણો એવો રહ્યો કે જયાં ઘાસ કપાયું નહીં. પિતાએ બગીચાનું નિરીક્ષણ કર્યું અને કહ્યું, 'બગીચાનું બધું જ ઘાસ કાપવાની વાત થઈ હતી. આ ખૂણામાં ઘાસ કાપ્યું નથી આથી હું તને ઠરાવેલ દસ ડૉલર આપી શકું નહીં' દીકરીએ કહ્યું, 'હું મને મળનારા ઘાસ કોઈ પણ સંજોગોમાં કાપીશ નહીં.' પિતાએ નવાઈ લાગી તેઓ એ ન કપાયેલા ઘાસ તરફ જોવા ગયા. ત્યાં એમણે જોયું કે ઘાસની વચ્ચે એક દેડકો હતો જે મરવાની અણી પર હતો. જો દેડકાની નજીક ઘાસ કાપવાનું મશીન જાત તો દેડકો મરી ન જાત. એવું કરવા દીકરીનું કોમળ દિલ ના પાડતું હતું.

# ગુજરાતના રાજકારણનો શતમુખ વિનિપાત

**તંત્રીસ્થાનેથી...**

કયારેક મકરંદ દેસાઈ જેવા સમર્પિત અને સુશિક્ષિત ઉમેદવારને જનસંઘના નિશાન પર ચૂંટાવાનાં ફાંફાં પડી જતાં ત્યારે જનતા પાર્ટીના ઉદય સાથે જાહેર જીવનમાં ચમકેલા યોગેશ પટેલ વડોદરા શહેરના સાચા લોકપ્રતિનિધિ તરીકે છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો ચહેરો બની રહ્યાં છતાં મોડે મોડે એમનો રાજય કક્ષાના મંત્રી તરીકે રૂપાણી સરકારમાં સમાવેશ કરાયો છે. પાર્ટી સાથે જોડાયેલા જૂના જોગીઓ રાહ જોતા રહી જાય અને જેમના માટે 'પેરાશૂટ' પ્રધાન જેવો શબ્દ ચલણી બની ગયો છે એવા, ગઈકાલ સુધી વિપક્ષમાં રહી શાસક પાર્ટી વિરુદ્ધ હોબાળા મચાવનારા નેતાઓ રાતોરાત પાટલી બદલીને કેબિનેટ મંત્રી પદ મેળવી લે, તે માત્ર અને માત્ર સત્તા પક્ષની મજબૂરી જ ગણાવી જોઈએ. કોંગ્રેસ મુક્ત ભારત કરવાનાં સપનાં વેરવિખેર થઈ જતાં હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની જુગલજોડીએ વતનના રાજય તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગમે તેટલી સર્જિકલ સ્ટ્રાઈક છતાં જે પ્રદેશો કોંગ્રેસ હસ્તક છે ત્યાં ધાર્યા પરિણામો મેળવવાનું શક્ય નથી એની પ્રતીતિ થઈ જતાં જયાં પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત થયેલ છે એવા વિસ્તારોમાં શક્ય એટલી વધુ બેઠકો હાંસલ કરવા જોર લગાવવાનો વ્યૂહ અપનાવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે કોંગ્રેસે જયાં સારો દેખાવ કર્યો હતો ત્યાં છીંડાં પાડ્યા વિના ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં મળેલ લેન્ડ સ્લાઈડ વિકટરી શક્ય નહોતી. આ સત્ય સમજાતાં ગુજરાત જેવા નીતિમત્તાનાં મૂલ્યો ધરાવતા રાજયમાં પક્ષપલટાનું રાજકારણ રમીને શાસક પક્ષ હકીકતમાં તો પોતાની જ ઈમેજને ઝાંખી પાડી રહ્યો છે. અગાઉ પોરબંદરના કોંગ્રેસી સાંસદ વિઠ્ઠલ રાદડિયા જેવા ખમતીધર લેઉઆ પાટીદાર નેતાને પાંખમાં લેવા માટે એમના પુત્ર જયેસ રાદડિયાને કેબિનેટ મંત્રીપદ આપવું પડ્યું હતું. એક વાર અભડાયા પછી ઈમેજ વધુ ખરડાવાની બીક રહેતી નથી. એટલે એ જ પેટર્ન પર વધુ ને વધુ વિકેટો ખેરવવાની કૂટનીતિ ચાલુ રહરી છે. જેમાં તાબડતોબ મંત્રીપદ બિરાજમાન કરાવાયેલ કોળી સમાજના અગ્રણી કુંવરજી બાવળિયાને જસદણ બેઠક પરથી ભાજપના નિશાન પર જિતાડી શકાયા છે. આશાબેન પટેલેન ઊંઝા બેઠક પરથી રાજીનામું અપાવી ભાજપનો ખેસ પહેરાવી દીધા બાદ સૌરાષ્ટ્રના આહિર આગેવાન અને કયારેક માધવસિંહ સોલંકીની છાવણીના મજબૂત સ્તંભ ગણાતા જવાહર ચાવડાને કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું અપાવી તત્કાળ કેબિનેટ મંત્રી તરીકે સ્થાપિત કરાયા છે. ધ્રાંગધ્રાના ધારાસભ્યે પણ કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું છે. ધર્મેન્દ્રસિંહ જાડેજાને રાજયકક્ષાના મંત્રી બનાવાયા છે. કેબિનેટ કક્ષાનું મંત્રીપદ મેળવનારા જવાહર ચાવડા માટે પક્ષપલટો એ એક હોટલને બદલે બીજી હોટલમાં જમા જવા જેવી ક્ષુલ્લક બાબત છે. ભાજતીય જનતા પાર્ટીના સંનિષ્ઠ ધારાસભ્યો અને વર્ષોથી પાર્ટી માટે મરી ફીટનારા કાર્યકરોમાં આવા પેરાશૂટ પ્રધાનોની એન્ટ્રી નેગેટિવ મેસેજ પુરવાર થઈ શકે છે. પરંતુ ભાજપની કેન્દ્રિય નેતાગીરીને ખાતરી છે કે એ સિવાય ગુજરાતની તમામ બેઠકો અંકે કરવી અઘરી છે. રાજકારણનું આવું અધ:પતન ગુજરાત કદાચ પહેલી જ વાર જોઈ - અનુભવી રહ્યું છે.

# ૮ મી માર્ચે આપણે જયારે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે શું છે ૨૧મી સદીમાં મહિલાઓની કાયદાકીય સ્થિતિ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

"અબળા જીવન હાથ તુમ્હારી યહી કહાની
આંચલમે હે દૂધ ઔર આંખો મે પાની"

માર્કેટીંગના મહારથી જેવા અખબારો મહિલા પૂર્તી પ્રગટ કરશે એમાં ચીબાવલા શબ્દ પ્રયોગથી ભરપૂર એવા મહિલાના લેખો અને તસ્વીરો મુકી સંતોષ માનશે. અત્યારે દરેક ક્ષેત્રમાં મહિલાઓનું માનસીક, જાતિય શોષણ થાય છે. નાની બાળાઓને સ્કુલના જ શિક્ષક દ્વારા કનકગત કરવામાં આવે છે.

નારીની પૂજા થતી હોય ત્યાં દેવતાઓ હાજર હોય અને પ્રાચીન સાહિત્યમાં જણાવ્યું છે. પંજાબ, હરીયાણા, ચંદીગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાનમાં ભ્રુણ હત્યાના કારણે સ્ત્રીઓની સંખ્યામાં સતત ઘટાડો નોંધાય છે. આપણા સમાજમાં દિકરીઓ તો ગમે છે પણ તે બીજાની હોવી જોઈએ.

મહિલાઓ ઉચ્ચ શિક્ષણ મેળવતી થઈ છે મહિલાઓ પુરૂષની મોનોપોલીવાળા તમામ ક્ષેત્રોમાં પગ પેશારો કરે છે. ફાયટર પ્લેન પણ મહિલા ચલાવે છે જયારે વરવી વાસ્તવિકતા એ છે કે બિહાર, ઓરિસ્સા જેવા રાજયોમાં પાંચ પચ્ચીસ રૂપિયામાં મહિલાઓ વેચવામાં આવે છે. કલકતાનું સોનગાછી વિસ્તાર આનું ઉદાહરણ છે.

આધુનિક સમયમાં વ્યભિચારને કારણે કૌટુંબીક હિંસાઓ વધી રહી છે. આધુનિક નારી સેકસની બાબતમાં સ્વતંત્ર બની છે તેને કારણે ઈર્ષા અનુભવવા લાગેલા પુરૂષો ઝડપથી હિંસક બની જાય છે.

વીસમી સદીમાં સ્ત્રીઓની સ્વતંત્રતા માટે એક મોટી લડત ચલાવવામાં આવી, સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદામાં પણ આના કારણે સુધારો કરવો પડ્યો. શાળા, કોલેજથી લઈ ઉદ્યોગ ધંધામાં આના કારણે સ્ત્રીઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. માત્ર આર્થિક બાબતોમાં જ નહિ પણ સામાજીક બાબતોમાં તેમજ લાગણીની બાબતોમાં પણ સ્વતંત્ર બની રહી છે. જેના કારણે કુટુંબ વ્યવસ્થામાં ભારે ફેરફાર જોવા મળ્યો છે. મુક્ત સહચર્યમાં માનતા વર્ગના કારણે કુટુંબ જીવન પડી ભાગ્યું છે. છુટાછેડાનું ચલણ વધતું જાય છે. હવે છુટાછેડા મેળવવા એ આમ વાત ગણવામાં આવે છે. સમાજ તેને ગંભીરતાથી જોતો નથી. ફેમલી કોર્ટમાં કેસોમાં સતત વધારો થતો જાય છે. ડોમેસ્ટીક વાયોલન્સના કેસોમાં, ભરણપોષણના કેસોમાં તથા છુટાછેડાના કેસોમાં છેલ્લા પાંચ વર્ષમાં જે પ્રમાણમાં ગતિ આવી છે તે જોતા આગામી દિવસોમાં સમાજ જીવન અસ્તવ્યસ્ત થાય તો નવાઈ નહિ કૌટુંબીક પ્રથાનો તો અંત જ આવી ગયો છે.

આધુનિક નારીને પોતાની કારકિર્દીમાં સર વધું છે અને આ સફળતા હાંસલ કરવા માટે તે ગમે તે કરવા તૈયાર છે. કોઈપણ હદે જવા તૈયાર હોય છે. પતિ પત્ની આખો દિવસ ઘરની બહાર રહેતા હોય અને એકબીજાથી દુર રહેતા હોય ત્યારે તેમના સબંધો વિજાતીય સહકર્મચારીઓ સાથે બંધાય તે સ્વાભાવિક છે. બીજા જોડે ફરવું એ કોફી પીવા જેવી કે કપડા બદલવા જેવી સામાન્ય બાબત ગણવા લાગી છે. પોતાના સૌદર્યનો ઉપયોગ કરી કારકિર્દીનો ગ્રાફ ઉંચો ચઢવામાં જરાય સંકોચ નથી. લગ્ન બાહ્ય સંબંધો હવે આમ વાત છે. જેના કારણે લગ્નજીવન ભાંગી પડે છે. જેની અસર બાળકો ઉપર થાય છે. આધુનિકતાની દોડમાં સમાજ જીવન, કૌટુંબીક જીવનનો ભોગ કયારે લેવાય જાય છે તેની ખબર શુધ્ધા પડતી નથી. આજની સ્ત્રી સહનશીલતા નથી, ડરપોકતા નથી, શરમાળ નથી, મહત્વકાંક્ષી અને સ્વતંત્ર વિચાર સરણી ધરાવતી આધુનિકતાની હોડમાં પોતાની જાતને કયાંય પાછળ ના રહી જાય તે સતર્કતામાં રાચે છે. મહિલાઓના પ્રદાનથી વિશ્વ ગૌરવભેર ઉભું છે.

છેલ્લા દાયકામાં નોકરી વ્યવસાયમાં સ્ત્રીઓની સંખ્યામાં ભારે વૃધ્ધી થતી જાય છે. પબ્લીક કોન્ટેકટના બીઝનેશનમાં સ્ત્રીઓને જ ફસ્ટ ડેસ્ક ઉપર બેસાડવામાં આવે છે.

સેવ ઈન્ડીયા ફેમીલી ફાઉન્ડેશનના કાઉન્સીલરો કહે છે કે, ઘરેલું હિંસાનો ભોગ માત્ર સ્ત્રીઓ જ બને છે એવું નથી આ સંસ્થાને વરસે દહાડે ઘરેલું હિંસાનો ભોગ બનેલ એક લાખ જેટલા પુરૂષો કાઉન્સીલીંગ માટે ફોન કરે છે. આપણા દેશમાં પત્ની દ્વારા શારીરિક, માનસીક, જાતીય કે શાબ્દીક રીતે આચરતી હિંસાનો ભોગ બનતી સ્ત્રીઓ કરતા પુરૂષોની સંખ્યા વધારે છે.

ભારતની સ્ત્રીઓ કાયદાથી રક્ષીત થતા કાયદાને ઢાલ તરીકે ઉપયોગ કરવાના બદલે હથીયાર તરીકે ઉપયોગ કરે છે. ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી ધાર્યું કરાવતી થઈ છે. જેના કારણે સામાજીક સમસ્યાઓ પેદા થઈ છે. ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરતી સ્ત્રીઓ સ્વતંત્ર રહેવા ટેવાયેલ હોય લગ્નના બંધનમાં બંધાવા માંગતી જ નથી. સરકારે વ્યભિચારની કલમમાં ફેરફાર કરતા આ પ્રમાણ વધતું જાય છે.

ભારતમાં સ્ત્રીઓના આદર્શ હવે રામ અને સીતા નથી. નૈતિકતાની વ્યાખ્યા પણ બદલાઈ છે. ગ્રામીણ ભારતની સ્ત્રીઓના સુખ સગવડમાં વધારો થતા જાહેરાતોના માધ્યમથી ટીવી ચેનલ, ફિલ્મના માધ્યમથી પોતાને મળતા અધિકારો બાબતે જાગૃત થઈ છે અને શોષણ થવા દેતી નથી તરત જ અવાજ ઉઠાવી સામે લડત આપતી થઈ છે. આધુનિકતાના અતિક્રમણની કુટુંબ વ્યવસ્થાને બચાવી મુશ્કેલ જ નહિ પણ નામુમકીન છે તેની જાય છે. સ્વતંત્રતા કયારે સ્વચ્છંતામાં

અનુસંધાન પાના નં ૭ પર

# એક સારું પુસ્તક માનવીને પસ્તી થતાં રોકે છે...



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

**એક સારું પુસ્તક**
**માનવીને**
**પસ્તી થતાં રોકે છે...**

મોબાઈલના સમયમાં હવે પુસ્તક વાંચવાનો ટ્રેન્ડ જ જાણે ભૂલાઈ ગયો છે. પુસ્તકોનું મહત્વ વધુ ને વધુ બાળકો તથા યુવાનો સમજી શકે એ માટે શાળાઓમાં તેમજ કૉલેજોમાં લાઈબ્રેરી દ્વારા પુસ્તક વાંચવાની ટેવ વિકસાવવાની એક શૈક્ષણિક પદ્ધતિ વિકસાવવામાં આવી છે. પરંતુ, જયાં સુધી વડીલો અને ઘરના અન્ય સભ્યો વાચનની નિયમિત ટેવ ન કેળવે ત્યાં સુધી આ રીતે માત્ર સ્કૂલ લાઈબ્રેરીના પુસ્તકો જ વંચાશે. આજના સમયમાં ન્યુક્લિયર પરિવારમાં રહેવાનું નાના-મોટા સૌને અનુકૂળ થતું જણાય છે. આવા સમયમાં સલાહ કે શિખામણ આપે કોણ ? શ્રી ભાવિન ગોપાણી લખે છે ;

**"શિખામણ આપનારું કોઈ જણ ઘરમાં નથી તો શું ?**
**ખૂણો ખાલી જ છે, થોડાક પુસ્તક ગોઠવી નાખો."**

વાચન માટે આજના બાળકો અને યુવાનોને પ્રોત્સાહિત કરવાની આજે મોટી જરૂર ઊભી થઈ છે.

એક ખેતરના ખૂણા પર મકાન બનાવીને એક કુટુંબ રહેતું હતું. માં-બાપ, દાદાજી, તેમનો પૌત્ર. માં-બાપ રોજે મજુરી ઉપર નીકળી જતા, અને ઘરે દાદાજી અને દસ વરસનો પૌત્ર જ રહેતા. દાદાજી રોજે સવારે વહેલા ઉઠીને બારી પાસે મુકેલી ખુરશી પર બેસીને પુસ્તકો વાંચતા રહેતા.

એક દિવસ પૌત્રએ પૂછ્યું: "દાદા...હું તમારી જેમ જ બુક્સ વાંચવાનો પ્રયત્ન કરું છું, પણ હું તેમાં કઈ સમજતો નથી. અને હું જે કઈ પણ સમજુ છું એ એક-બે દિવસમાં ભૂલી જાઉં છું. ઘણીવાર તો બુક બંધ કરું ને પાછળ બધું ભુલાઈ જાય છે. તમે પણ બધું ભૂલી જાઓ છો. તો પછી પુસ્તકો અને કહાનીઓ વાંચવાનો મતલબ શું?"

દાદાજી હસ્યા, અને ઉભા થઈને રસોડામાં ગયા અને લોટ ચાળવાનો ગંદો હવાલો લઈને આવ્યા. પોતાના પૌત્રને કહ્યું: "આ હવાલો લે, અને બહાર ખેતરમાં જતા પાણીના ધોરીયા માંથી હવાલો ભરીને લેતો આવ. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જોઈએ છે."

દીકરાને જેમ કહેલું તેમ કર્યું, પરંતુ હવાલો ભરીને દોડતો દાદાજી પાસે આવ્યો એ પહેલા જ હવાલાના કાણાઓ માંથી બધું પાણી લીક થઈ ગયું. દાદાજી હસ્યા અને કહ્યું: "બીજી વાર ભરતો આવ, પરંતુ આ વખતે ઝડપથી દોડીને આવજે." દીકરો બીજી વાર ગયો, પણ ફરીથી તે દાદાજી પાસે પહોંચે એ પહેલા હવાલો ખાલી હતો! હાંફતા-હાંફતા તેણે દાદાજીને કહ્યું કે આ હવાલામાં તો પાણી ભરીને લાવવું અશક્ય લાગે છે. હું એક ગ્લાસમાં કે લોટામાં ભરતો આવું.

પરંતુ દાદાજી કહે: "ના. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જ પીવું છે! મને લાગે છે તું સરખી કોશિશ નથી કરી રહ્યો." છોકરો ફરી બહાર ગયો, અને પૂરી ઝડપથી દોડતો આવ્યો, પણ હવાલો ફરી ખાલી જ હતો! થાકીને જમીન પર બેસીને દાદાજીને તેણે કહ્યું: "દાદા...કહું છું ને...આ નકામું છે. ના ચાલે." "ઓહ... તો તને લાગે છે કે આ નકામું કામ છે?" દાદાજીએ કહ્યું, "-તું એકવાર હવાલા સામે તો જો."

છોકરાએ હવાલાને જોયો અને પહેલીવાર તેણે જોયું કે હવાલો બદલાઈ ગયો હતો. તે જુના ગંદા હવાલા માંથી ધોવાયેલો, ચોખ્ખો, ચળકતો હવાલો બની ગયો હતો. તેના દરેક મેલ ધોવાઈ ગયા હતા.

દાદાજીએ હસીને કહ્યું: "બેટા...જયારે તમે પુસ્તકો વાંચો ત્યારે આવું થાય છે. તું કદાચ બધું સમજે નહી, કે બધું યાદ ન રહે, પરંતુ જયારે તમે વાંચો, ત્યારે તમે બદલાતા હો છો. અંદર અને બહાર પણ. કોઈ પણ કહાની કે કોઈ સારી વાત તમને અંદરથી થોડા ધોઈ નાખે છે, અને તમારો મેલ દુર કરે છે."

●●●

**એક પુસ્તક,**
**જર્જરિત મકાનના**
**બે બારણાં જેવું હોય છે**
**જો ખોલશો તો વૈભવ જોવા મળે !**

**- પારસ હેમાણી**

●●●

પોતાના જીવન ઉપર કયાં પુસ્તકોનો પ્રભાવ પડ્યો તેનું આલેખન કરતા લેખો મેળવીને પ્રીતિબહેન શાહે 'પીધો અમીરસ અક્ષરનો' પુસ્તકનું સંપાદન કર્યું છે. આ પુસ્તક અપરંપાર સમૃદ્ધિથી સભર છે. માત્ર આ એક જ પુસ્તકના વાચનથી બીજાં અનેક પુસ્તકોનો પરિચય મળી જાય છે. સૌથી મૂલ્યવાન તો છે કેટલાંક પુસ્તકોમાંથી ટાંકેલા મધુર અવતરણો.

લાભશંકર ઠાકરે ઈબ્સનના 'એ ડોલ્સ હાઉસ'ની વિસ્તારની વાત કરી છે. તમે જો આ નાટ્યકૃતિ વાંચવાના ન હો તો આ લેખ અચૂક વાંચજો. લા.ઠા. એ એનો મર્મ અને એનું રહસ્ય એટલાં ઉત્કૃષ્ટ રીતે પ્રગટ કર્યા છે કે જાણે આપણી સમક્ષ એ ભજવાતું હોય એવો આસ્વાદ મળે છે. નોરાનું પાત્ર સજીવન થઈ જાય છે. નોરા (તેના પતિને) કહે છે : 'પાપા મને તેમની 'ડૉલ ચાઈલ્ડ' કહેતા અને મારી સાથે રમતા. જેમ હું મારી ઢીંગલીઓ સાથે રમતી. અને હું તમારી સાથે રહેવા આવી ત્યારે, પાપાના હાથમાંથી ઢીંગલી તમારા હાથમાં ટ્રાન્સફર થઈ. હું તમારી ઢીંગલી - વહુ બની રહી અને બાળકો મારી ઢીંગલીઓ. આ છે આપણો લગ્નસંસાર.' નોરા ઘર છોડીને ચાલી જાય છે, નીચેથી બારણું બંધ થવાનો ધમ અવાજ આવે છે. કહે છે કે રંગમંચ પર આ બારણું બંદ થવાથી આખું યુરોપ કંપ્યું હતું.

હરિભાઈ કોઠારીનો 'ગીતા પંથપ્રદીપ'આ સંકલનના ઉત્તમ લેખોમાંનો એક છે. શંકરાચાર્યથી ગુણવંત શાહ સુધીના 'ગીતા'નાં ભાષ્યો અને 'ગીતા' વિષયક અનેક છૂટાછવાયા લેખો વાંચ્યા પછી પણ આના જેવો સંક્ષિપ્ત, સરળ અને વિશદ લેખ મેં ભાગ્યે જ વાંચ્યો છે.

સુસ્મિતા મ્હેડ આનંદશંકર ધ્રુવનો એક પ્રસંગ ટાંકે છે કે તેમના ઘરમાં એક વખત આગ લાગી. તે સમયે આચાર્યએ ગર્ભશ્રીમંત કુટુંબની માલમત્તા, તિજોરી કે ઝવેરાતને બદલે ઝપાટાભેર પોતાનાં બધાં જ પુસ્તકો ખસેડાવી બીજા ઘરમાં મૂકી દીધાં. ઉત્તરવયે તે પરિમય સોસાયટીના 'વસન્ત' બંગલામાં રહેતા હતા. અંતિમ દિવસોમાં પોતાના મિત્રવત્ શિષ્ય રતિલાલ ત્રિવેદી પાસે તેમણે એક અભિલાષા વ્યક્ત કરી : 'રતિભાઈ ! મને એવો વસન્તોત્સવ ઊજવવાનું મન થાય છે કે પોળના ઘરનાં બધાં જ પુસ્તકો ગોઠવી, નમસ્કાર કરી એક પાટિયું મુકાવું કે These have made me. રાધેશ્યામ શર્મા આનંદશંકર ધ્રુવના વિષાદને મૂર્ત કરે છે : 'આનંદશંકર ધ્રુવ જેવા ગંભીર પંડિતે એક મોટા ગ્રંથાલયમાં ઊભા રહી, પુસતકો સાથે હાથ લંબાવી, શકુંતલાને નીરખી દુષ્યંતે કાઢ્યા હતા તેવા રસિક શ્લોક - ઉદ્ગારથી ચિંતા વ્યક્ત કરી હતી : ન જાને ભોક્તારમ્ : આ સર્વને કોણ ભોગવશે ? ન જાણે !'

આ સંકલનમાં સંપાદનના લક્ષ્યને સંપૂર્ણ વફાદાર રહીને લખાયેલો લેખ છે. તે તખ્તસિંહ પરમારનો : 'સંસ્કારબીજનું વાવેતર.' કૉલેજકાળ દરમિયાન વાંચેલાં અનેક પુસ્તકોની માત્ર યાદી જ આપીને, એના પ્રભાવનો સહેજ ઉલ્લેખ કરીને લેખક ઉમેરે છે : 'સંસ્કાર - બીજ - નિક્ષેપ તો બાળપણમાં જ થાય છે. આપણે ફળઝાડ વાવ્યાં હોય તેની માવજત કરવી જોઈએ. બીજ રોપ્યા પછી અંકુર ફૂટે તેને સાચવવા વાડોલિયું કરવું જોઈએ. જલસિંચન કરતા રહેવું જોઈએ. સારો ફાલ મેળવવા ખાતર આપતા રહેવું જોઈએ. યુવાવસ્થા - પ્રૌઢાવસ્થામાં વાંચેલું સાહિત્ય એ વડોલિયા - જળસિંચનને ખાતરનું કાર્ય કરે છે. બીજનિક્ષેપ તો થાય છે નાનપણમાં વંચાયેલા સાહિત્યથી.'

અને પછી લેખક આપણને બાળપણનાં પ્રિય કાવ્યો ને કથાઓની સહેલગાહે લઈ જાય છે. ન્હાનાલાલનું 'સાચના સિપાઈ', 'મને તો ગમે મારી સારી કુહાડી, ભલાં માત દો પાણી માંહેથી કાઢી'નો ભુજંગી છંદ. આવી બાળપણમાં વાંચેલી બીજી અનેક કૃતિઓની સ્મૃતિને તખ્તસિંહ પમરારે મધુર રીતે નિરુપી છે.

છેલ્લે, પુસ્તકો માટેના વર્ષા અડાલજાના શબ્દો રત્નચિંતામણિ જેવા છે : 'જીવનના આરંભકાળમાં આ પુસ્તકોએ ખૂબ આનંદમાં સમય ગુજારવામાં સાથ આપ્યો. બસ એટલું જ ? ના. જીવનની દરેક સ્થિતિને સ્વીકારીને હસતાં શીખવ્યું. 'ખૂલ જા સિમસિમ' કહેતાં એક અદ્ભુત નિરાળી દુનિયામાં પુસ્તકોએ મારો પ્રવેશ કરાવ્યો. ન વીઝા, ન પાસપોર્ટની જરૂરત. બેરોકટોક ગમે ત્યારે ગમે ત્યાં જઈ આનંદથી વિહરી શકાય. પુસ્તકપ્રેમે એકાંતને ચાહતાં શીખવ્યું. પુસ્તકોએ ઘણું બધું આપ્યું છે. પુસ્તકો માનવજાતની શ્રેષ્ઠ શોધ છે. એણે બાંધેલા ભવ્યાતિભવ્ય પ્રાસાદો જમીનદોસ્ત થઈ ગયા, પરંતુ આ સર્જન કાળની થપાટો ખાઈને અડીખમ ઊભું છું. એના ગઢની એક કાંકરી પણ ખરી નથી.'

**- મધુસૂદન કાપડિયા**

Last Seen :
**પુસ્તક જેવો કોઈ જ સાચો મિત્ર નથી,**
**વાંચન જે ન કરે, તેનું કોઈ ચરિત્ર નથી.**

- nehalgadhavi101@gmail.com

# ભારતીય સાંસદો હળવાફૂલ રહેવાને બદલે વાકબાણમાં રમમાણ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ક્યારેક નાની ઉમરે જ કેટલીક વ્યક્તિઓ વૃદ્ધત્વનો અનુભવ કરતી હોય છે, જયારે અમુક લોકો એવા હોય છે જેમને હળવાફૂલ રહેવામાં કે બાળસહજ જીવવામાં ઉમર અવરોધક બનતી નથી. સામાન્ય રીતે માનસિક સંતાપ કે તણાવ વિના જીવનારી વ્યક્તિ લાંબુ જીવતી હોવાનું જોવા મળ્યું છે. કોઈ વ્યક્તિ ધારાસભ્ય બને કે સંસદસભ્ય થાય ત્યારે જરા ગંભીર રહેવાનો પ્રયાસ કરવા માંડે અને મંત્રી બન્યા પછી તો જાણે ગંભીર ચહેરે જ ફરવું પડે, એવું માની લે કે ખોટું ખોટું હસવાની કવાયત કરે ત્યારે પોતાના માંહ્યલાને મારીને જીવવા જેવો ઘાટ થાય. અહીંથી દંભની શરૂઆત થાય. મહાત્મા ગાંધી કે સરદાર પટેલ જેવી મોટા ગજાની વ્યક્તિઓ ઘણાં રાષ્ટ્રીય મહત્વનાં કામોમાં હતી, જેલવાસ પણ ભોગવ્યો અને છતાં હળવાફૂલ રહેવાનું અને એકમેકની ઠઠ્ઠામશ્કરી કરવા જેવી હળવાશ પણ અનુભવતી હતી. હમણાં કર્ણાટક રાજભવને ગંભીર ભૂમિકામાં પૂરાયેલા વજુભાઈ વાળા ગુજરાતના મંત્રી કે વિધાનસભાના અધ્યક્ષ હતા ત્યાં લગી ક્યારે ય સોગીયું મોઢું લઈને ફરતા અમે નિહાળ્યા નથી.એ ગાંધીનગર હોય કે રાજકોટ, એમનો ડાયરો અને હસાયરો "ભેળો જ હાલે". એકવાર મંત્રી વજુભાઈ કહે કે ગાંધીનગરથી ગાડીમાં રાજકોટ જાઉં ત્યારે ગાડીમાં સૂઈ જઈ નિરાંતની ઊંઘ ખેચી લઉં છું. મને તો ગાડી ઘોડિયા જેવી લાગે છે અને ઘોડિયામાં મને હીંચોળે ચડવાની મજા આવે છે. ગુજરાતના નાણાપ્રધાન તરીકે અનેકવાર બજેટ રજૂ કરવાનાં આવ્યાં, વિધાનસભામાં જ પોતાના જમીનના ધંધાની કબૂલાત પણ આપે; પણ દુનિયા આખીનો ભાર એમના શિરે હોય એવું ક્યારેય એમના ચહેરે કે વ્યવહારમાં વરતાયું નહીં. કોણ જાણે કેમ હમણાં જે લોકસભાની મુદત પૂરી થવામાં છે એ ૧૬મી લોકસભામાં વિનોદ કે ઠઠ્ઠામશ્કરીનો માહોલ રાજકીય વિરોધીઓ પર વાકબાણ ચલાવવામાં વધુ ફેરવાયેલો લાગ્યો.જોકે લોકસભાના સચિવાલય આવી ગંભીરતાની વચ્ચે પણ જ્યાં હળવી મજાકમસ્તી થઈ હોય એવા પ્રસંગોને નોંધીને એ સંકલિત કરવાનું ચુક્યું નથી.

**પીલુ મોદી અને લાલુની ખોટ વરતાય**

રાજનેતાઓ અને રાજકીય શાસકો આજકાલ હળવાફૂલ રહેવાનું જાણેકે ભૂલવા માંડ્યા છે.સંસદનાં બંને ગૃહોમાં પણ માહોલ વધુ ગંભીર અને એકમેકને સુણાવી દેવાનો કે વારો કાઢી લેવાનો વધુ અનુભવાઈ રહ્યો છે.સોળમી લોકસભામાં આ બાબત સવિશેષ જોવા મળી.એટલું જ નહીં,સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અનુભવ્યું કે અગાઉ જે વિનોદ (હ્યુમર) કે વ્યંગ્ય કે ઠઠ્ઠામશ્કરી (વિટ) સંસદનાં બંને ગૃહોમાં જોવા મળતી હતી, એ ક્યાંક ઓસરી રહી છે. મે ૨૦૧૪માં લોકસભામાં પહેલી વાર ચૂંટાઈને વડાપ્રધાનપદે વરાયેલા મોદીએ ઓગસ્ટ ૨૦૧૪માં ત્રણ સાંસદો અરુણ જેટલી, ડૉ.કર્ણ સિંહ તથા શરદ યાદવને વિશેષ યોગદાન કરનારા સાંસદ તરીકે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને હસ્તે પુરસ્કૃત કરવાના સમારંભમાં જ આ ચિંતા વ્યક્ત કરી હતી.૧૬મી લોકસભાની અવધિ પૂર્ણ થવાનો સમય આવી પહોંચ્યો છે ત્યારે મોદીએ ચૂંટાયાના ચાર જ મહિનામાં વ્યક્ત કરેલી ચિંતા સાચી પડી હોવાનું જરૂર સાબિત થયું છે.જોકે લોકસભામાં પીલુ મોદી કે લાલુપ્રસાદ જેવાના હસાયરાનો અભાવ ખટક્યો અને ડૉ.રામમનોહર લોહિયા જેવા મહારથી થકી વ્યંગ્યમાં વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ ભણી ફેંકાતાં વાકબાણની ઉણપ જરૂર વર્તાઈ; પણ ગૃહમાં શેરોશાયરી થતી રહી અને કાવ્ય પંક્તિઓમાં ઘણું બધું કહેવાનું ચલણ વધુ જોવા મળ્યું.

**કવિહૃદય વડાપ્રધાનના કાવ્યપ્રેમી સાથી**

ફેબ્રુઆરી અને મે ૨૦૧૬ દરમિયાન લોકસભામાં ૪૩ કવિતાઓ સાંસદોએ પેશ કરી હતી. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ની લોકસભાની બેઠકોમાં રજૂ થયેલી કવિતાઓના સહિયારા આંકડા કરતાં આ પ્રમાણ વધુ હતું. વર્ષ ૨૦૧૩માં ૪૨ કવિતાઓનું પઠન થયાનું નોંધાયું છે. નવાઈ એ વાતની છે કે કવિતાઓ પ્રસ્તુત કરનારા સાંસદોમાં ૬૪ ટકા તો ભારતીય જનતા પક્ષના હતા. કવિહૃદય વડાપ્રધાન મોદી પણ એમાં અગ્રક્રમે હતા. જોકે એકંદરે સંસદની બેઠકો આક્ષેપ-પ્રતિઆક્ષેપની ગંભીરતાથી ભરેલી અને દાઢમાં ઘણું બધું કહીને વટ પાડવાની વૃત્તિ સવિશેષ ચલણી બન્યાનું અનુભવાયું. આમછતાં, સાવ એવું પણ નહોતું કે લોકસભા સાવ સોગીયું વાતાવરણ ધરાવતી હતી. પ્રત્યેક લોકસભા સત્રમાં વિનોદના પ્રસંગો નોંધાય છે. બંને ગૃહોના મહાસચિવો દ્વારા ગૃહમાં વિનોદ અને ઠઠ્ઠામશ્કરીના જે પ્રસંગો બને છે એનું પ્રકાશન પણ થતું હોય છે.

**બિરબલની જેમ હાજરજવાબી**

લોકસભામાં ૧૪ જુલાઈ ૨૦૦૯ના રોજ "ઝીરો અવર"માં ઓડિશામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં પૂરને કારણે થયેલી નુકસાની જાણવા માટે અર્જુન ચરણ સેઠી ખૂબ આગ્રહી હતા.ગૃહમાં નાણાપ્રધાન પ્રણવ મુખરજી હાજર હતા.સ્પીકર મીરા કુમારે કહ્યું કે હું મંત્રીશ્રીને ઉત્તર વાળવા માટે ફરજ પાડી ના શકું. જોકે સભ્યે પોતાનો દુરાગ્રહ ચાલુ રાખ્યો એટલે પ્રણવદા ઊભા થયા અને કહ્યું:"હું વિગતો ચકાસ્યા વગર ઈન્સ્ટન્ટ કોફીની જેમ ઝીરો અવરમાં ઉત્તર વાળી શકું નહીં." આખા ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. ક્યારેક અંગ્રેજી શબ્દપ્રયોગ અર્થનો કેવો અનર્થ સર્જે અને સૌને હસાવી મૂકે એવું સ્પીકર મીરા કુમારની એક ટિપ્પણ થકી ૨૯ એપ્રિલ ૨૦૦૯ના રોજ બન્યું હતું. સચ્ચર સમિતિની ભલામણોમાં લઘુમતિ સમાજના કલ્યાણ માટેના પ્રશ્નના પેટા પ્રશ્નમાં પી.કે.બિજુ આંકડાઓની લાંબીલચક વિગતો રજૂ કરી રહ્યા હતા ત્યારે સ્પીકર મહોદયાએ સમય ઓછો હોવાથી કહ્યું:"કમ ફાસ્ટ" અને ગૃહમાં સૌ હસી પડ્યા કારણ અંગ્રેજીમાં એનો અર્થ ભૂંડો થાય છે.

**કાનડી અને મણિપુરીનું હિંદી**

લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ એકવાર સ્પીકર સુમિત્રા મહાજનને ઉદ્દેશીને શુદ્ધ હિંદીમાં કહ્યું કે મહોદયા, મારા સ્થગન પ્રસ્તાવને તમે સ્વીકાર્યો નથી.મહાજને તરત જ કહ્યું કે તમારો પ્રસ્તાવ નકારાયો છે. ખડગે ઉવાચ: "મેં હિંદીમાં એ જ કહ્યું. હું પણ થોડુંઘણું હિંદી જાણું છું." સુમિત્રાજીએ કહ્યું: "તમારું હિંદી તો મારા હિંદીથી પણ સારું છે. શક્ય છે કે મને સાંભળવામાં તકલીફ થઈ.તમે કાયમ જોરથી વિરોધ કરતા હો છો એટલે." હાજરજવાબી ખડગેએ કહ્યું: "હું તમને કોઈ સારા ડોક્ટરની ભલામણ કરી શકું." અને બધા હસી પડ્યા. એકવાર મહાજને મણિપુરના સાંસદ ડૉ.થોકચોમ મૈન્યાનું નામ પોકાર્યું ત્યારે ગૃહમાં થોડી ધાંધલધમાલ હતી. એટલે સભ્યને સંભળાયું નહીં અને પછી તેમણે પોતાને બોલવા દેવા અનુરોધ કર્યો. તેમણે કહ્યું : "મહોદયા, મને હિંદી થોડી ઓછી સમજાય છે." મહાજને કહ્યું: "મેં તમારું નામ પોકાર્યું હતું. બીજું કશું કહ્યું નથી.એમાં હિંદી અને અંગ્રેજી ક્યાંથી આવ્યું? અંગ્રેજીમાં તમારું નામ જુદું છે?" સ્વાભાવિક હતું કે બધા હસી પડે.

**સિદ્ધુની એન્ટ્રી જ હસાવી શકતી**

અનુસંધાન પાના નં ૭ પર